**ફોજદારી પરચુરણ અરજી નં.૨૦/૨૦૨૬**

માણાવદર પોલીસ સ્ટેશન એ પાર્ટ ગુ.ર.નં.૧૧૨૦૩૦૩૭૨૬૦૦૫૧/ ૨૦૨૬, બી.એન.એસ.કલમ–૩૧૬(૨), ૩૧૮(૨), ૩૧૯(૨),૩૩૬(૨),૩૩૬(૩), ૨૦૪, ૫૪ મુજબના ગુનાના કામે આરોપી : (૧) વિવેક પ્રફુલભાઈ ચૌહાણ, રહે.શાપુર(સોરઠ) (૨) રવિ કીશોરભાઈ ચોટલીયા, રહે.કાલાવાડ, (૩) જીજ્ઞેશ ઉર્ફે જશપાલભાઈ ભટ્ટી, રહે.સુરતની જામીન અરજી લગત હુકમ

---------------------------------------------

(૧) અરજદારો/આરોપીઓની જામીન અરજી વંચાણે લીધી. આરોપીઓ તરફે વિ.વ.શ્રીને સાંભળ્યા, તથા તપાસ કરનાર અધિકારીશ્રીને સાંભળ્યા.

(૨) અરજદારો/આરોપીઓ તરફે એવી રજુઆત કરવામાં આવેલ છે કે, તેઓ નિર્દોષ છે, તેઓને ખોટી રીતે સંડોવી દેવામાં આવેલ છે, કામ ચાલતા લાંબો સમય લાગે તેમ છે, તેઓ શાપુર ગામના રહેવાસી છે, કયાય નાસી–ભાગી નહી જાય તથા તેઓને જામીન ઉપર મુકત કરવામાં આવશે તો તેઓ નામ.અદાલત ફરમાવે તેવા જામીન આપવા તથા શરતોનું પાલન કરવા તૈયાર છે. જેથી અરજદારો/આરોપીઓને જામીન મુકત કરવા અરજ ગુજારેલ છે.

(૩) જયારે ત.ક.અધિકારીશ્રી ઘ્વારા હાલની જામીન અરજીનો વિરોધ કરી, એવી રજુઆત કરેલ છે કે, આરોપીઓ સામે ગંભીર પ્રકારનો બીન જામીનપત્રા ગુનો છે તથા જો તેઓને જામીન મુકત કરવામાં આવશે તો અન્ય આવા ગુનાઓ કરી શકે તેમ હોય તથા નાસીભાગી જાય તેમ હોય, જેથી જામીન અરજી રદૃ કરવા વિનંતી કરેલ છે.

(૪) પક્ષકારોની રજુઆતો ઘ્યાને લીધી, રેકર્ડ ઉપરની હકીકતો વંચાણે લેતાં, સદર ગુનાના કામે આરોપીઓ વિરૂઘ્ધ એવો આક્ષેપ છે કે, હાલના આરોપીઓએ એકબીજાની મદદગારીથી પોતાની રેલ્વેના અધિકારી તરીકે ઓળખ આપી ફરીયાદીના દીકરાના નામનો ખોટો રેલ્વેમાં નોકરીનો ઓર્ડર બનાવી ફરીયાદી પાસેથી છેતરપીંડીથી રૂા.૩૨,૦૦,૦૦૦/–

પડાવી લીધેલ હોય, આરોપીઓ સામે હાલનો ગુનો દાખલ કરવામાં આવેલ છે. આમ, ગુનાની તમામ હકીકત ધ્યાને લેતા અરજદારો/આરોપીઓ સામે જે ગુનો કર્યાનો આક્ષેપ કરવામાં આવેલ છે તે ગંભીર પ્રકારનો ગુનો છે તેમજ જો હાલના આરોપીઓને જામીન મુકત કરવામાં આવે તો સમાજમાં ફરીથી આવા પ્રકારના ગુનાઓ કરી શકે તેમ છે અને સમાજમાં અન્ય લોકો પણ આવા ગુનાનો ભોગ બની શકે તેમ છે. વધુમાં હાલના આરોપીઓ ગુનાહીત ઈતિહાસ ધરાવે છે તથા આવા પ્રકારના ગુના કરવાની ટેવવાળા હોવાનુ રેકર્ડ પરથી નીકળી આવે છે. જેથી હાલના ગુનાની ગંભીરતા તેમજ ગુનાની સજાની જોગવાઈ લક્ષમાં લેતા, હાલના તબકકે અરજદારો/આરોપીઓને જામીન મુકત કરવા ન્યાયોચિત જણાતું ન હોય, નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

**-: હુકમ :-**

અરજદાર/આરોપી : (૧) વિવેક પ્રફુલભાઈ નારણભાઈ ચૌહાણ,રહે.શાપુર (૨) રવિ કીશોરભાઈ ચોટલીયા, રહે.કાલાવાડ (૩) જીજ્ઞેશભાઈ ઉર્ફે જશપાલભાઈ સુરેશચંન્દ્ર ભટ્ટી, રહે.સુરતવાળાઓની હાલની જામીન અરજી આથી નામંજુર કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ : ૧૨મી, માહે : માર્ચ, સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

માણાવદર<br>
તા.૧૨/૦૩/૨૦૨૬

( અતીત મહેશકુમાર મહેતા )<br>
જ્યુડીશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ<br>
માણાવદર<br>
જીજે ૦૧૫૨૧